**GJVD021280842024**

**<u>મે. બીજા અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બી.એમ.રાજ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. વડોદરા.</u>**

**ફોજદારી કેસ નં. ૧૧૪૭૯૭ –૨૦૨૪**
**આંક –**

**ફરીયાદી :–  શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :–  માયાબેન નરોતમભાઇ કહાર**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એ)(એ) મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ આજરોજ કોર્ટ રૂબરુ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરશીશ રજુ કરતાં, આરોપીની **આંક – ૫** થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનું જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થઇ પોતે સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરી અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓની સજાની જોગવાઇ અંગે

સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલા નથી તેવી સમજ આપવા છતાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

(૩) આરોપીની **આંક–૬** ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની/ મોટી ઉંમરનો ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબનો એકમાત કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સમક્ષ નથી તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે તથા કુટુંબના સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભો ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચીત માનું છું.

(૪) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. અને સદરહુ ચુકાદાના પાન નંબર ૭૨૧ ઉપર પેરા ૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસનુ મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હુ નમ્રપણે માનું છું અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## આખરી હુકમ

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ – ૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એ)(એ) મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ૦ ૧૦૦/– (અંકે રૂપિયા એક સો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની (ટી.આર.સી.) સજા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન – ૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ :– વડોદરા. **(બકુલકુમાર મણીલાલ રાજ)**

બીજા એડીશ્નલ સીવીલ જજ અને જયુડી. મેજી.ફ.ક.,
વડોદરા. જજ કોડ – જીજે ૦૧૪૬૨

પાવતી નં. ................
રુપિયા ૧૦૦/– (અંકે રુપીયા એક સો પુરા)
તા. ૦૮/૦૩/૨૦૨૫

નાઝર
ચીફ જયુડી.મેજી.કોર્ટ,
વડોદરા.